सत्यमेव जयते

| | |
|---|---|
| RECEIVED ONE | 27-05-2026 |
| REGISTERED ON | 27-05-2026 |
| DECIDED ON | 02-06-2026 |
| DURATION | |
| YEAR:00 | MONTH:00 DAYS:05 |

# ગાંધીનગર જિલ્લાના ત્રીજા અધિક સેશન્સ જજ સાહેબની કોર્ટ, ગાંધીનગર

## ફોજદારી પરચુરણ અરજી નં. ૮૩૬/૨૦૨૬

**Ex - 6**

**નરેશકુમાર ધનરાજભાઈ ખરાસાણ,**
ઉ.વ.આ. ૩૮, ધંધો–ખેતી,
રહે. બલોક–ઓ, રૂમ નં.૯૦૭,
વીરસાવરકર હાઈટસ–૧૫ ઓગણજ રોડ,
ગોતા, અમદાવાદ.
મુળ રહે. વાસણા, તા.પાલનપુર,
જી.બનાસકાંઠા, ........ **અરજદાર**

**V/s.**

**ગુજરાત રાજ્ય સરકાર**
**પબ્લિક પ્રોસીક્યુટરશ્રી મારફતે** ........ સામાવાળા
**ગાંધીનગર.**

**ઉપસ્થિત ધારાશાસ્ત્રીશ્રીઓ:**

અરજદાર તર્ફે વિ.વકીલશ્રી આર.એસ.પંડયા,
રાજય સરકાર તર્ફે પી.પી. એચ.એન.રાવલ.

સી.આઈ.ડી.સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, ગુન્હા રજી. નં. ૧૧૨૦૧૦૧ ૮૨૬૦૦૨૫/૨૦૨૬, બી.એન.એસ. ની કલમ– ૩૧૮(૪), ૬૧(૨), ૩૧૭(૨) તથા આઈ.ટી.એકટની કલમ–૬૬(ડી) મુજબ

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી.**

**–:: જજમેન્ટ ::–**

**૧.૧** અરજદાર/આરોપીએ તેઓની સામે સી.આઈ.ડી.સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, ગુન્હા રજી. નં. ૧૧૨૦૧૦૧૮૨૬૦૦૨૫/૨૦૨૬, બી.એન.એસ. ની કલમ- ૩૧૮ (૪), ૬૧(૨), ૩૧૭(૨) તથા આઈ.ટી.એકટની કલમ-૬૬(ડી) મુજબના કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ-૪૮૩ અન્વયે હેઠળ રેગ્યુલર જમીન મુકત થવા હાલની અરજી દાખલ કરેલ છે.

**૨.૧** અરજદારના વિ.વ.શ્રીએ રજૂઆત કરેલ છે, આ કામના અરજદાર/આરોપી તા.૧૪/૦૪/૨૦૨૬ થી જયુડીશીયલ કસ્ટડીમાં છે. સમગ્ર ફરીયાદની હકીકત ધ્યાને લેતાં કહેવાતો ગુનો અમોએ કરેલ નથી. એફ.આઈ.આર.માં અમો અરજદાર/આરોપી નું નામ નથી. અમોને ખોટી રીતે અટક કરવામાં આવેલા છે. જેથી અમો નિર્દોષ છીએ.

**૨.૨** વિશેષમાં જણાવેલ છે કે, તેઓ તા.૧૧/૦૪/૨૦૨૬ ના રોજ બેગ્લોર ની વાયા ગોવા ફરવા ગયેલા છે જેથી ફલાઈટની ટીકીટ પણ ડી.લીસ્ટથી રજુ કરેલ છે. બીચ ઉપરથી ફરીને આવીને તહોમતદાર તેમના પરિચિત હોય તેમના ઘરે રોકાયેલ હોય ત્યાંથી તેઓને પકડેલ છે. તેઓ માત્ર પ્રવાસી છે અને ફરવા ગયેલા હોવાની હકીકત જણાવેલ હોવા છતાં તેઓને ખોટી રીતે સદર ગુનામાં સંડોવી અટક કરેલા છે.

**૨.૩** વિશેષમાં જણાવેલ છે કે, અમો અરજદાર સામે અન્ય કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. ખોટી રીતે હાલના ગુનામાં અટક કરવામાં આવેલા છે. સજાની જોગવાઈ ધ્યાને લેતાં કેસની ટ્રાયલ ચલાવવાની સત્તા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ અદાલતની હકુમત છે. તપાસ કરનાર અમલદારની એફીડેવીટ ધ્યાને લેતાં મોટા ભાગની તપાસની કાર્યવાહી પૂર્ણ થઈ ગયેલી છે. આ સંજોગોમાં અરજદાર સામે તપાસની કાર્યવાહી પેડીંગ હોય તેમ જણાતું નથી. જેથી શરતોને આધીન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

**૩.૧** વિ.સરકારી વકીલશ્રી.રાવલે રજૂઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી એ આ કામે અટક કરવામાં આવેલ અન્ય સહ આરોપી સાથે મળી તેમજ ગુનાના મુખ્ય આરોપી

જીતુ ઠક્કરના કહેવા થી અલગ-અલગ બેંક ખાતાઓમાં સાયબર ક્રાઈમના રૂપિયા મેળવી તેને સગેવગે કરી પગાર પેટે આર્થિક લાભ મેળવી ગુનો આચરેલો છે.

**૩.૨** વિશેષમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીએ ગોવા ખાતે નોકરી કરતા હતા તે જગ્યાએ થી અલગ અલગ ૧૪ બેંક એકાઉન્ટની ચેકબુક તથા ૮૦ બેંક એકાઉન્ટની પાસબુક મળી આવેલ છે. જે બેંક ખાતા વિરુધ્ધ NCCRP (નેશનલ સાયબર ક્રાઈમ રીપોર્ટીંગ પોર્ટલ) ઉપર ચેક કરતા એક અલગ અલગ રાજયની કુલ-૭૭ સાયબર ફ્રોડની અરજી મળી આવેલ છે. તેમજ ગોવા ખાતેની ઓફીસ થી લેપટોપ નંગ-૧૫, મોબાઈલ ફોન નંગ-૭૨, રાઉટર નંગ-૨, સીમકાર્ડ નંગ-૧૨૬, પેનડ્રાઈવ નંગ-૨, ડેબીટકાર્ડ-૧૧૫ તથા કયુઆર કોડ નંગ-૭ વિગેરે મુદ્દામાલ મળી આવેલ છે. જેથી ટેકનીકલ એનાલીસીસી હાલમાં ચાલુ છે. જેમાં ગુનાના કામે અન્ય પ્રકાશ પાડતી હકીકત મળી આવવાની શકયતા રહેલી છે.

**3.3** વિશેષમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીએ ગોવા ખાતે આ ગુનાના મુખ્ય આરોપી જીતુ ઠક્કર ના કહેવાથી અને તેમની સાથે રહી કામકાજ કરેલ છે. તેના બદલામાં મહીને રૂા.૧૫,૦૦૦/- લેખે પગાર થી આર્થિક લાભ મેળવેલ છે. તેમજ ગોવા ખાતે ભાડે રાખેલ ઓફીસમાં બેંક ખાતાઓમાં સાયબર તથા ગેમીંગ માટે રૂપિયા ડીપોઝીટ/વિડ્રો કરવાનું કામકાજ કરી ગુનો કરેલ છે. જેથી આ કામના અરજદાર આ ગુનામાં સંડોવાયેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે.

**૩.૪** વિશેષમાં જણાવેલ છે કે, અરજદાર અને અન્ય આરોપીઓએ ભેગા મળીને ખુબજ મોટા પ્રમાણ માં સાયબર ફ્રોડની રકમ સગેવગે કરેલી છે. આ તબકકે જામીન ઉપર મુકત કરવામાં આવશે તો નાસી ભાગી જાય તેમ છે. તપાસ નાજુક તબકકે છે. જામીન મુકત કરવામાં આવશે તો ફરીથી આવા ગુનાઓ કરે તેમજ સાક્ષી પુરાવાને પણ નુકશાન પહોંચાડેલી તેવી શકયતા રહેલી છે. જેથી હાલની આ જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

**૪.૧** બંને પક્ષકારોની રજૂઆતો અને હકીકતો ધ્યાને લેતા નીચે મુજબની હકીકતો જણાય છે.

- આ કામના અરજદાર/આરોપી સામે સી.આઈ.ડી.સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, ગુન્હા રજી. નં. ૧૧૨૦૧૦૧૮૨૬૦૦૨૫/૨૦૨૬, બી.એન.એસ. ની કલમ- ૩૧૮(૪), ૬૧(૨), ૩૧૭(૨) તથા આઈ.ટી.એકટની કલમ-૬૬(ડી) મુજબના ગુન્હાનો આક્ષેપ છે.
- ફરીયાદીની હકીકત એવી છે કે, મળી આવેલ ઈસમો (૧) કિરણભાઈ કરશનભાઈ જોષી, ઉ.વ.૨૩, રહે. મુરલીધર પાર્ક, ગામ-થરાદ, જી.વાવ થરાદ, મો.નં.૯૧૦૪૭૩૯૪૧૫, (૨) સિધ્ધરાજભાઈ ગણપતભાઈ શિરવાડિયા, ઉ.વ.૨૧, રહે. સુંધલ નગર સોસાયટી, ગામ-ભટાસણા, તા.થરાદ, જી.વાવ થરાદ, મોબાઈલ નં. ૯૮૨૪૧૮૦૫૩૯, (૩) મહેશભાઈ લાલજીભાઈ જોષી, ઉ.વ.૩૮, રહે.બ્રાહમણ વાસ, ગામ-શિરોહી, તા.કાંકરેજ, જી.બનાસકાંઠા, મોબાઈલ નં. ૯૩૨૭૯૩૭૭૨૨, (૩) જીગરભાઈ રાજુભાઈ સોલંકી, હાલ રહે. ૩૬, તાજપુરા, આદર્શનગર સોસાયટી, પાલનપુર-૩૮૫૦૦૧, મુળ રહે. ગોરવાડી, રેલ્વે ક્રોસિંગ પાસે, પાલનપુર, બનાસકાંઠા, મોબાઈલ નં. ૮૪૬૯૭૪૯૬૦૫, (૫) પ્રકાશ ભાઈ રામજીભાઈ જોષી, ઉ.વ.૩૫, રહે. ગામ- તાણા, તા.ઓગડ, જી.બનાસકાંઠા, મોબાઈલ નં. ૯૧૫૭૩૪૩૪૭૧ તેમજ હાજર નહી મળી આવેલ ઈસમો (૧) જયદિપ ઠકકર ઉર્ફે જયેશ ઠકકર, રહે. રેલ્વે સ્ટેશન રોડ, દિયોદર મોબાઈલ નં. ૯૫૭૪૫૦૭૧૦૪ તથા (૨) વિષ્ણુભાઈ ભુરાભાઈ જોષી, રહે. ગામ-થાણા, તા.ઓગડ, જી.બનાસકાંઠા નાઓએ એક સંપ થઈ પોતાના તેમજ અન્ય બીજાના નામે બેંક ખાતાઓ ખોલી/ ખોલાવડાવી સાયબર ક્રાઈમના રૂપિયા સગેવગે કરવા સારૂ બેંક ખાતાઓની વિગતો પુરો પાડી આર્થિક લાભ મેળવી એક બીજાની મદદગારી કરી, ગુનો આચરેક હોય જેથી ઉપરોકત પકડાયેલ ઈસમો તેમજ નાસતા-ફરતા ઈસમો વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ- ૩૧૮(૪), ૬૧(૨), ૩૧૭(૪) તથા આઈ.ટી.એકટની કલમ-૬૬(બી) મુજબના ગુના કરેલાના આક્ષેપો છે
- આ કામના અરજદાર અને અન્ય આરોપીની સાથે મળી તેના કહેવા મુજબ અલગ અલગ બેંક એકાઉન્ટમાં સાયબર ક્રાઈમના રૂપિયા મેળવેલ છે. તે જમા થયેલ સાયબર ફ્રોડના

નાણાની હેરાફેરી થયેલા હોય તેમ પણ જણાય છે. જેના બદલામાં અરજદાર/ આરોપીએ પગાર પેટે રૂા.૧૫,૦૦૦/– આર્થિક લાભ મેળવેલાનું જણાઈ આવે છે. તપાસ દરમ્યાન અરજદાર/આરોપીએ ગોવા ખાતે નોકરી કરતા હતા તે જગ્યાએ થી અલગ અલગ ૧૪ બેંક એકાઉન્ટની ચેકબુક તથા ૮૦ બેંક એકાઉન્ટની પાસબુક મળી આવેલ છે. જે બેંક ખાતા વિરુધ્ધ NCCRP (નેશનલ સાયબર ક્રાઈમ રીપોર્ટીગ પોર્ટલ) ઉપર ચેક કરતા એક અલગ અલગ રાજયની કુલ–૭૭ સાયબર ફ્રોડની અરજીઓ થયેલી છે. જેથી આ કામના અરજદાર આ ગુનામાં સંડોવાયેલ હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાઈ આવે છે.

➢ હાલના અરજદારે અન્ય સહ આરોપી સાથે મળીને તેના કહેવા મુજબ સાયબર ક્રાઈમ ના રૂપિયા મેળવી તેની હેરાફેરી કરેલ છે અને તે પેટે હાલના અરજદાર/આરોપી એ પગાર સ્વરૂપે રૂા.૧૫,૦૦૦/– આર્થિક લાભ પ્રાપ્ત કરેલાનું પ્રથમદર્શનીય રીતે જણાય છે. અરજદાર/આરોપીની કામકાજ વાળી ગોવા ખાતેની ઓફીસમાંથી મળી આવેલ લેપટોપ, મોબાઈલ ફોન, રાઉટર, સીમકાર્ડ, પેનડ્રાઈવ, ડેબીટકાર્ડ, કયુઆર કોડ વિગેરેની તપાસ નાજુક તબકકે છે. તપાસ દરમ્યાન મહત્વની વિગતો મળી આવે તેમ છે. આ તબકકે જામીન ઉપર મુકત કરવામાં આવશે તો નાસી ભાગી જાય તેમ છે. તેમજ સાક્ષી પુરાવાને પણ નુકશાન પહોંચાડેલી તેવી શકયતા રહેલી છે. જેથી હાલની આ જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે. નામદાર સર્વોચ્ચ અદાલતના **AIR 2017 S.C. 5398, ANILKUMAR YADAV V/S STATE OF (NCT) DELHI** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે આરોપી સામે પ્રથમદર્શનીય કેસ હોય અને ફરીયાદપક્ષના પુરાવા સાથે છેડછાડ થાય તેવી શકયતા જણાતી હોય તેવા સંજોગોમાં જામીન મંજૂર કરી ન શકાય.

**૫.** ઉપરોકત હકીકત ધ્યાને લેતાં અરજદાર/આરોપીએ અન્ય આરોપીએ ભેગા મળીને ખુબજ મોટા પ્રમાણ માં સાયબર ફ્રોડ કરી પગાર સ્વરૂપે આર્થિક લાભ પ્રાપ્ત કરેલ છે. તપાસ નાજુક તબકકે છે. આ તબકકે જામીન ઉપર મુકત કરવામાં આવશે તો ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા થવાથી શકયતા નકારી શકાય તેમ નથી. તેથી ગુન્હાની

ગંભીરતા લક્ષમાં લેતાં અરજદારને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવું યોગ્ય અને ન્યાયોચિત જણાતું નથી. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: <u>આખરી હુકમ</u> ::–**

(૧) અરજદાર/આરોપી **નરેશકુમાર ધનરાજભાઈ ખરાસાણ,** ઉ.વ.આ. ૩૮, ધંધો–ખેતી, રહે. બલોક–ઓ, રૂમ નં.૯૦૭, વીરસાવરકર હાઈટસ–૧૫ ઓગણજ રોડ, ગોતા, અમદાવાદ, મુળ રહે. વાસણા, તા.પાલનપુર, જી.બનાસકાંઠા, નાઓની સી.આઈ.ડી.સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, ગુન્હા રજી. નં.૧૧૨૦૧૦૧ ૮૨૬૦૦૨૫/૨૦૨૬, બી.એન.એસ. ની કલમ–૩૧૮(૪), ૬૧(૨), ૩૧૭(૨) તથા આઈ.ટી.એકટની કલમ–૬૬(ડી) મુજબનાં કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન અરજી ''**નામંજુર**'' કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ**–૦૨**મી માહે **જુન,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

**તારીખ : ૦૨–૦૬–૨૦૨૬.**
સ્થળ : ગાંધીનગર.

**(પિયુષ મહેન્દ્રભાઈ ઉનડકટ)**
GJ00716
ત્રીજા અધિક સેસન્સ જજ,
ગાંધીનગર.

/PSP/